RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 50, Dt.09-05-2024 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ધો.૧૨ના બંને પ્રવાહોમાં રેકોર્ડ બ્રેક પરિણામ



## એકીસાથે ત્રણ પરીક્ષાના પરિણામ જાહેર કરતુ ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડઃ ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૮૨.૪૫ ટકા, જયારે સામાન્ય પ્રવાહનું ૯૧.૯૩ ટકા પરિણામઃ ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં સૌથી વધુ ૯૬.૪૧ ટકા પરિણામ મેળવતો બોટાદ જિલ્લો અને સૌથી ઓછુ પરિણામ મેળવતો જૂનાગઢ જિલ્લો

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

૧૨ સામાન્ય પ્રવાહમાં સૌથી વધુ પરિણામ ધરાવતો જિલ્લો બોટાદ છે. બોટાદ જિલ્લાનું પરિણામ ૯૩.૪૦ ટકા છે. જ્યારે સૌથી ઓછું પરિણામ ધરાવતો જિલ્લો જુનાગઢ જિલ્લો છે. જૂનાગઢ જિલ્લાનું પરિણામ ૮૪.૮૧ ટકા આવ્યું છે. જ્યારે ૨૦૨૩ના વર્ષમાં ૧૦૦ ટકા પરિણામ મેળવતી શાળાઓની સંખ્યા માત્ર ૩૧૧ હતી જે ૨૦૨૪માં ૧૦૦ ટકા પરિણામ મેળવતી શાળાઓની સંખ્યા ૧૬૦૯ થઇ છે. વિદ્યાર્થીનીઓનું પરિણામ ૯૪.૩૬ ટકા આવ્યું છે. જ્યારે વિદ્યાર્થીનું પરિણામ ૮૯.૪૫ ટકા આવ્યું છે.

ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામમાં ૧૦૦ ટકા પરિણામ મેળવતી શાળાઓની સંખ્યા ૨૦૨૩માં માત્ર ૨૭ હતી જે માર્ચ ૨૦૨૪માં ૧૨૭ થઇ છે. જ્યારે એ૧-ગ્રેડમાં ૧૦૩૪ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા છે. એ-ગ્રુપનું પરિણામ ૯૦.૧૧ ટકા અને બી-ગ્રુપનું પરિણામ ૭૮.૩૪ ટકા તેમજ એ-બી ગ્રુપનું પરિણામ ૬૮.૪૨ ટકા જાહેર થયું છે.

માર્ચ ૨૦૨૪ ની ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા ધો. ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થયું છે.

ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા સામાન્ય પ્રવાહ માટે રાજયના ૫૦૨ કેન્દ્રો ઉપર તા. ૧૧-૩-૨૦૨૪ થી તા. ૨૬-૩-૨૦૨૪ દરમિયાન યોજાયેલ હતી.

આ પરીક્ષામાં ૩,૭૯,૭૫૯ નિયમિત ઉમેદવારો નોંધાયા, જે પૈકી ૩,૭૮,૨૬૮ પરીક્ષાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. તેમાંથી ૩,૪૭,૭૩૮ પરીક્ષાર્થીઓ ઉત્તીર્ણ થયેલ છે. નિયમિત ઉમેદવારોનું પરિણામ ૯૧.૯૩% ટકા આવેલ છે. જ્યારે અગાઉના વર્ષમાં ઉત્તીર્ણ ન થયા હોય તેવા પુનરાવર્તિત ઉમેદવારો તરીકે ૬૧,૧૮૨ ઉમેદવારો નોંધાયેલા હતા તે પૈકી ૫૯,૧૩૭ ઉપસ્થિત રહ્યા હતા તેમાંથી ૨૯,૧૭૯ ઉમેદવાર સફળ થયા છે. આમ પુનરાવર્તિત ઉમેદવારોનું પરિણામ ૪૯.૩૪% ટકા આવેલ છે. આ પરીક્ષામાં ગુજરાત સ્ટેટ ઓપન સ્કુલ (ત્રજીજીજ) અંતર્ગત ૨૯,૪૫૫ નિયમિત ઉમેદવારો નોંધાયા હતા,

# ગર્ભપાત સંબંધિત કાયદાની જોગવાઈ પર સવાલ ઉઠાવતી સુપ્રીમ

## ગર્ભાવસ્થા ૨૪ અઠવાડિયાથી વધુ હોય તો દુષ્કર્મ પિડિતાને ગર્ભપાતની મંજૂરી કેમ નથી?ઃ સુપ્રીમ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટે ગર્ભપાત સંબંધિત કાયદાની જોગવાઈ પર સવાલ ઉઠાવ્યા છે, જેમાં સગીર બળાત્કાર પીડિતા સાથે સંબંધિત કેસ હોય ત્યારે ૨૪ અઠવાડિયાથી વધુ ગર્ભાવસ્થાના ગર્ભપાતની મંજૂરી નથી.



કોર્ટે કહ્યું કે, મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નન્સી (એમટીપી) એક્ટની આ જોગવાઈ ગર્ભપાત ત્યારે જ મંજૂરી આપે છે જ્યારે ગર્ભ અસામાન્ય હોય અથવા ગર્ભવતી મહિલાનો જીવ બચાવવા જરૂરી હોય. આ કાયદાકીય જોગવાઈ બળાત્કાર અથવા બાળ બળાત્કારને કારણે ગર્ભાવસ્થાને લગતા માનસિક અને શારીરિક ઈજાને અલગ કેટેગરીમાં રાખે છે.ધારાસભાનું મૂલ્યાંકન વૈજ્ઞાનિક માપદંડો પર આધારિત હોય તેવું લાગતું નથી, કારણ કે તે એવી ધારણા પર આધારિત છે કે માત્ર એક અસામાન્ય ગર્ભ સ્ત્રીને નુકસાન પહોંચાડશે.

છત્તીસગઢ હાઈકોર્ટે 'લિવ-ઈન' રિલેશનશિપને વિદેશથી 'આયાત કરાયેલથ કન્સેપ્ટ ગણાવ્યો અને તેને ભારતીય સંસ્કૃતિ પર કલંક ગણાવ્યો. ઉપરાંત, પિતાને મુસ્લિમ પિતા અને હિંદુ માતાથી જન્મેલા બાળકની કસ્ટડીનો અધિકાર નકારવામાં આવ્યો હતો. હાઈકોર્ટે કહ્યું કે, આવા સંબંધો ભારતીય માન્યતાઓ વિરુદ્ધ છે.

# એર ઈન્ડિયા એક્સપ્રેસે માંદગીની રજા પર ઉતરેલાં કર્મચારીઓને કર્યા બરતરફ

## માંદગીની રજાને કારણે એરલાઈન્સની ૯૦ ફલાઈટ રદ કરવામાં આવી હતી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

એર ઈન્ડિયાએ માંદગીની રજા પર ગયેલાં કર્મચારીઓ વિરૂધ્ધ કડક કાર્યવાહી કરી છે. એરલાઈને ૨૫ કર્મચારીઓને બરતરફ કર્યા છે. સૂત્રોએ આ માહિતી આપી છે. મોટી સંખ્યામાં ક્રૂ મેમ્બરોએ માંદગીની રજા લેવાના કારણે એરલાઇનની ૯૦ થી વધુ ફ્લાઇટ્સ રદ કરવામાં આવી હતી. સૂત્રોએ જણાવ્યું કે એર ઈન્ડિયા એક્સપ્રેસ એરલાઈન્સના લગભગ ૨૫ કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા છે. આ કેબિન ક્રૂ મેમ્બર્સ કામ પર ન આવ્યા જેના કારણે હજારો મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો. એરલાઈને બુધવારે કહ્યું હતું કે તેના ઘણા વરિષ્ઠ ક્રૂ મેમ્બરોએ અચાનક માંદગીની રજા લઈ લીધી છે. મંગળવારે



રાત્રે શરૂ થયેલો આ સિલસિલો બુધવાર સુધી ચાલુ રહ્યો હતો. જેના કારણે એરલાઈને ૯૦થી વધુ ઈન્ટરનેશનલ અને ડોમેસ્ટિક ફ્લાઈટ્સ કેન્સલ કરવી પડી હતી. સિવિલ એવિએશન ઓથોરિટી આ મામલે તપાસ કરી રહી છે.

એર ઈન્ડિયા એક્સપ્રેસ એ એર ઈન્ડિયાની પેટાકંપની છે. એર ઈન્ડિયા એક્સપ્રેસ એપ્રિલ ૨૦૦૫માં શરૂ કરવામાં આવી હતી. તે દિલ્હી, મુંબઈ, ત્રિવેન્દ્રમ અને કોચીથી ગલ્ફ દેશોની ફ્લાઈટ્સનું સંચાલન કરે છે. એર ઈન્ડિયાને ટાટા ગ્રુપે થોડા વર્ષો પહેલા ખરીદી હતી. એર ઈન્ડિયા એક્સપ્રેસમાં સંકટ એવા સમયે ઘેરાયેલું છે જ્યારે અઈંડ કનેક્ટ (અશઅિતશફ ઈક્ષમશફ) સાથે તેના વિલીનીકરણની પ્રક્રિયા ચાલી રહી છે. બુધવારે મોટી સંખ્યામાં ક્રૂ મેમ્બર્સ અચાનક માંદગીની રજા પર ગયા બાદ દિલ્હી એરપોર્ટ પર અરાજકતાનું વાતાવરણ હતું. એર ઈન્ડિયા એક્સપ્રેસે છેલ્લી ઘડીએ ગોવા, ગુવાહાટી અને શ્રીનગરની ફ્લાઈટ રદ કરી હતી. મુસાફરોએ ફરિયાદ કરી હતી કે તેમને એરપોર્ટ પહોંચ્યા પછી જ આ વિશે ખબર પડી હતી.

# કેજરીવાલ માટે વકીલે બે માંગણી કરવી ભારે પડી, કોર્ટે ફટકાર્યો એક લાખ રૂપિયાનો દંડ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ તિહાર જેલમાંથી જ સરકાર ચલાવી શકે તે માટે કાર્યાલય સ્થાપવા અને તેમના વિરુદ્ધના નિવેદનો પર પ્રતિબંધ લગાવવાની માંગ કરતી અરજીને દિલ્હી હાઈકોર્ટે ફગાવી દીધી છે. કોર્ટે તેમની અરજીને સુનાવણી લાયક ન હોવાનું કહી ફગાવી દીધી છે. આ સાથે કોર્ટે અરજદાર વકીલ શ્રીકાંત પ્રસાદને એક લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે.





શ્રીકાંત પ્રસાદે દિલ્હી હાઈકોર્ટમાં દાખલ કરેલી જાહેર હિતની અરજીમાં માંગ કરી હતી કે, મુખ્યમંત્રી કેજરીવાલ (ઈખ અદ્દિશક્ષમ ઊંયષશિૂફહ) પોતાના મંત્રીઓ અને અન્ય ધારાસભ્યો સાથે વાતચીત કરી શકે અને દિલ્હી સરકારને યોગ્ય ચલાવી શકે, તે માટે તેમને તિહાર જેલમાં જ જરૂરી સુવિધા આપવામાં આવે. અરજીમાં એવી પણ માંગ કરાઈ હતી કે, મીડિયામાં ચાલતા મુખ્યમંત્રીના રાજીનામાના અને દિલ્હીમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાના સનસનાટીભર્યા સમાચારો બંધ કરવામાં આવે.

દિલ્હી હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ મનમોહનની આગેવાની હેઠળની ડિવિઝન બેન્ચે વકીલ શ્રીકાંત પ્રસાદની દલીલ પર કહ્યું કે, 'અમે મીડિયાને પોતાના વિચારો પ્રસારીત કરવાથી અને કેજરીવાલના રાજકીય વિરોધીઓ દ્વારા તેમનો વિરોધ કરવાથી ન અટકાવી શકીએ. આ દરમિયાન હાઈકોર્ટે તેમને ફટકાર લગાવીને કહ્યું કે, 'અમે શું કરીએ? શું અમે ઈમરજન્સી અથવા માર્શલ કાયદો લાગુ કરીએ? અમે મીડિયા અને રાજકીય હરીફો વિરુદ્ધ પ્રતિબંધનો આદેશ ન આપી શકીએ?'

# પત્ની પર સૃષ્ટી વિરૂધ્ધનું કૃત્ય જઘન્ય અપરાધ, પતિને જામીન આપી ન શકાય

## ગુજરાત હાઈકોર્ટનો મહત્વનો ફેંસલોઃ આગોતરા જામીન રદ કરાયા બાદ સંજોગો બદલાયા વિના બીજી જામીન અરજી પણ ન થઈ શકે

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

પત્નીને ત્રાસ આપી તેને તરછોડી મૂકવા ઉપરાંત પતિ તેની સાથે સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય કરે એ અત્યંત જઘન્ય ગુનો ગણાય અને પતિને આવા ગુનામાં આગોતરા જામીન મળી શકે નહીં, એવું મહત્વપૂર્ણ અવલોકન હાઈકોર્ટે કર્યો છે. વટવા પોલીસ સ્ટેશનમાં પતિ વિરૂધ્ધ પતનનીએ કરેલી ફરીયાદમાં થયેલી આગોતરા જામીન અરજી હાઈકોર્ટે ફગાવી કાઢી હતી.

જસ્ટીસ જે.સી. દોશીએ જામીન નહીં આપવાનું ઠરાવતાં અવલોકન કર્યુ હતું કે, નપ્રસ્તુત કેસમાં પત્ની વિરૂધ્ધ પતિના જઘન્ય અપરાધને ધ્યાને લેતા હાઈકોર્ટે તેના વિશિષ્ટ અધિકારોનો ઉપયોગ કરી તેને કોઈ પણ પ્રકારની રાહત આપી શકે નહીં. તેની જામીન અરજી રદ કરવામાં આવે છે.



પતિએ ધરપકડથી બચવા કરેલી જામીન અરજી અગાઉ કોર્ટે ફગાવી દેતાં, તેણે ફરીવાર આગોતરા જામીન મેળવવા સકસેસિવ અરજી કરી હતી. હાઈકોર્ટે નોંધ્યું હતું કે, નજો એક વાર આરોપીની પ્રિ-એરેસ્ટ જામીન રદ કરી દેવામાં આવે ત્યાર બાદ જો અગાઉના સંજોગોમાં કોઈ ફેરફાર ન થયા હોય એ સિવાય આરોપી સકસેસિવ જામીન અરજી કરી શકે નહીં.

પ્રસ્તુત કેસમાં આરોપીના એડવોકેટ દ્વારા કયાંય પણ એ પ્રસ્થાપિત કરાયું નથી, કે અગાઉની જામીન અરજીમાં હાલની જામીન અરજી દરમિયાન સંજોગોમાં શું ફેરફાર થયા છે. એટલું જ નહીં આ ફેરફાર એવા હોવા જોઈએ કે અગાઉ રદ થયેલી જામીન અરજીમાં હસ્તક્ષેપ કરવાની જરૂર ઉભી થાય. અથવા તો અગાઉનો જે મત હોય એ અર્થહીન થઈ ગયો હોય.

સંજોગોમાં એવા ફેરફાર થયા હોવા જોઈએ કે એ અગાઉના નિર્ણય પર સીધી અસર કરતા હોય. અગાઉ જેવા જ આધાર અને કારણો દર્શાવી સકસેસિવ જામીન અરજી કરી શકાય નહીં. આ સિવાય જો પ્રસ્તુત કેસમાં દાખલ થયેલી એફઆઈઆરને ધ્યાનમાં લઈને તો પત્નીએ પતિ વિરૂધ્ધ આ એફઆઈઆર કરી છે. જેમાં તેણે આક્ષેપ કર્યા છે કે પતિ માનસિક અને શારીરિક ત્રાસ આપે છે.

એટલું જ નહીં તેણે સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય પણ કર્યુ છે. મહિલા વિરૂધ્ધ આવા ગંભીર અને જઘન્ય અપરાધ કરનારા આરોપીને કોઈ રાહત આપી શકાય નહીંથ. આ કેસમાં પત્ની તરફથી વટવા પો.સ્ટે.માં એવી ફરિયાદ કરવામાં આવી હતી કે તેનો પતિ તેના પર ખોટો વહેમ રાખીને તેને બિભત્સ ગંદી ગાળો બોલી, મારઝુડ કરે છે. એટલું જ નહીં, અવારનવાર તેની મરજી વિરૂધ્ધ સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય પણ કરે છે. ઘરમાંથી કાઢી મુકવાનું કહી શારીરિક અને માનસિક ત્રાસ આપે છે.

# ટેલિકોમ કંપનીઓ ટેરિફમાં તોતિંગ વધારો ઝીંકવાની તૈયારીમાં, મોબાઈલ વાપરવો હવે મોંઘો પડશે

## ટેલિકોમ કંપનીઓ મોબાઈલ નેટવર્કથી આગળ વધી બ્રોડબેન્ડ, ડેટા સેન્ટર અને ડિજિટલ બિઝનેસ પર ધ્યાન કેન્દ્રિત કરશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આ વર્ષે લોકસભા ચૂંટણીના પરિણામો પછી, ભારતીય ટેલિકોમ સેક્ટરમાં ૪ જૂન પછી ટેરિફ ૨૦ થી ૨૫ ટકા વધી શકે છે. અગાઉના અંદાજમાં માત્ર ૧૦-૧૫% વૃદ્ધિની અપેક્ષા હતી. ઇફ્ફરઅ સિક્યોરિટીઝના એક રિપોર્ટ અનુસાર, આનાથી કંપનીઓના રોકડ પ્રવાહમાં સુધારો થશે અને તેઓ ઉચ્ચ માર્જિનવાળા બ્રોડબેન્ડ અને એન્ટરપ્રાઇઝ/ડેટા સેવાઓને પ્રોત્સાહન આપવા સક્ષમ બનાવશે.



એજન્સી મુજબ, ભારતીય ટેલિકોમ કંપનીઓ પચ્માં તેમના રોકાણને પુનઃપ્રાપ્ત કરવા માટે એક વર્ષની અંદર ભાવમાં ફરી વધારો કરી શકે છે. ટેલિકોમ કંપનીઓ અત્યારે ભારતીય બજારમાં કોઈ ખાસ હલચલ મચાવી રહી નથી.

પરંતુ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝની ટેલિકોમ શાખા રિલાયન્સ જિયો ટૂંક સમયમાં આઈપીઓ લોન્ચ કરશે તેવી ચર્ચા છે. જિયોનો આઈપીઓ ટેલિકોમ સેક્ટરમાં મહત્વની ઘટના બની શકે છે, જેના પર ચોક્કસપણે નજર રાખવી જોઈએ.

વિશ્લેષકો ટેલિકોમ કંપનીઓ દ્વારા ભાવ વધારવા માટે આશાવાદી છે. તે વિચારે છે કે તમામ કંપનીઓ આ પગલાને અનુસરશે, કારણ કે ડેટા સેવાઓના મર્યાદિત વિકલ્પો અને લોકપ્રિયતાને જોતાં ગ્રાહકો ૨૦-૨૫% વધારો સહન શકે છે. તેમનો અંદાજ છે કે ૪ જૂનના ચૂંટણી પરિણામો પછી ભાવ વધશે.

BofA સિક્યોરિટીઝના વિશ્લેષકો માને છે કે ટેલિકોમ કંપનીઓ મોબાઈલ નેટવર્કથી આગળ વધી રહી છે. તેમના અહેવાલ મુજબ, ભારતી એરટેલ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ આગામી સમયમાં ફાઈબર બ્રોડબેન્ડ, એન્ટરપ્રાઈઝ સેવાઓ, ડેટા સેન્ટર અને ડિજિટલ બિઝનેસ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરશે.

# Paytmના UPI ટ્રાન્ઝેક્શનમાં સતત ત્રીજા મહિને ઘટાડો, માર્કેટ શેરમાં પણ પીછેહઠ

## એપ્રિલમાં પેટીએમએ ૧૧૧.૭૧ કરોડ વ્યવહારો કર્યા, જે માર્ચમાં થયેલા ૧૨૩ કરોડ વ્યવહારોની સરખામણીએ ૯ ટકા ઓછા

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ફિનટેક કંપની પેટીએમનો રસ્તો વધુને વધુ મુશ્કેલ બની રહ્યો છે. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના ડેટા દર્શાવે છે કે પેટીએમએ એપ્રિલમાં સતત ત્રીજા મહિને યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (યુપીઆઈ) ટ્રાન્ઝેક્શન્સમાં ઘટાડો નોંધ્યો છે.




આ વર્ષે એપ્રિલમાં, કંપનીએ ૧૧૧.૭૧ કરોડ વ્યવહારો પર પ્રક્રિયા કરી હતી, જે માર્ચમાં હાથ ધરવામાં આવેલા ૧૨૩ કરોડ વ્યવહારોની સરખામણીએ માસિક ધોરણે વોલ્યુમમાં ૯ ટકાનો ઘટાડો દર્શાવે છે. આ કારણે યુપીઆઈ ઈકોસિસ્ટમમાં કંપનીનો બજારહિસ્સો ઘટયો છે.

કંપનીએ એપ્રિલમાં યુપીઆઈ એપ્લિકેશન ઈકોસિસ્ટમમાં ૮.૪ ટકા બજારહિસ્સો હાંસલ કર્યો હતો. ફેબ્રુઆરીમાં તે ૧૦.૮ ટકા અને માર્ચમાં ૯.૧૩ ટકા હતો. જો કે, પેટીએમએ યુપીઆઈ ઈકોસિસ્ટમમાં ત્રીજા સૌથી મોટા ખેલાડી તરીકે તેનું સ્થાન જાળવી રાખ્યું છે કારણ કે અન્ય ખેલાડીઓ પેટીએમ કરતા ઘણા નાના છે.

દરમિયાન, ટોચની બે કંપનીઓ, ફોનપે અને ગુગલ પે એ એપ્રિલમાં અનુક્રમે ૬,૫૦ કરોડ અને ૫૦૨.૭૩ કરોડ વ્યવહારો કર્યા હતા. કુલ વ્યવહારની ગણતરીમાં તેમનો હિસ્સો અનુક્રમે ૪૮.૮ ટકા અને ૩૭.૮ ટકા હોવાનો અંદાજ હતો. પેટીએમની પેટાકંપની પેટીએમ પેમેન્ટ્સ બેંક પર રિઝર્વ બેંકની કાર્યવાહી બાદ બંને કંપનીઓએ યુપીઆઈ ટ્રાન્ઝેક્શનમાં તેમનો હિસ્સો વધાર્યો છે. ફેબ્રુઆરી ૨૦૨૪માં, વોલમાર્ટની માલિકીની ફોન પેનો કુલ ટ્રાન્ઝેક્શન વોલ્યુમમાં ૪૭.૩ ટકા હિસ્સો હતો. દરમિયાન, તે જ મહિનામાં ગુગલ પેનો હિસ્સો ૩૬.૭ ટકા હતો.

પેટીએમ પર યુપીઆઈ પર પ્રક્રિયા કરાયેલા વ્યવહારોનું પ્રમાણ ઘટવાનું ચાલુ રહેશે કારણ કે જ્યાં સુધી હાલના વપરાશકર્તાઓ નવા હેન્ડલ પર સ્થાનાંતરિત ન થાય ત્યાં સુધી કંપની નવા વપરાશકર્તાઓ ઉમેરી શકશે નહીં.

# માળીયા(મી)ના હરીપર ગામ નજીક બે ટ્રક વચ્ચે અકસ્માતમાં એકનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા(મી) કચ્છ નેશનલ હાઇવે ઉપર આવેલ હરીપર ગામ નજીક પુરપાટ ઝડપે આવતું ટ્રક ટ્રેઇલર ડિવાઈડર ટપીને સામેથી આવતા અન્ય ટ્રક સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં ટ્રકના ચાલકને નાના મોટી ઈજાઓ પહોંચી હતી જયારે સાથેના કંડકટરને માથામાં અને છાતીના ભાગમાં ગંભીર ઈજાઓ પહોંચતા ઘટના સ્થળે તેનું મૃત્યુ નીપજ્યું હતું.

સમગ્ર અકસ્માતની મળતી માહિતી અનુસાર ગાંધીધામના ગળપાદર ખાતે આવેલ વિશાલ લોજીસ્ટિકની ટ્રક કન્ટેઈનર ચલાવતા મૂળ બિહારના વતની હાલ મુન્દ્રા અદાણી વીલ માર્ટમાં રહેતા વિક્રમકુમાર રામપ્રવેશ સીંગએ માળીયા(મી) પોલીસ મથકમાં ટ્રક ટ્રેઇલર રજી. જીજે-૨૭-ટીટી-૩૭૨૮ના આરોપી ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે ફરિયાદી વિક્રમકુમાર અને તેની સાથે કંડકટરમાં એસ.ભવાની દુર્ગાસીંગ ગત તા.૦૭/૦૫ ના રોજ થાનગઢથી કસ્ટમનો માલ કન્ટેઇનરમાં ભરી મુન્દ્રા જવા માટે નીકળેલ ત્યારે ટ્રક ટ્રેઇલર રજી. નં. જીજે-૨૭-ટીટી-૩૭૨૮ના ચાલક પોતાનો ટ્રક પુરપાટ ઝડપે ગાંધીધામ તરફથી ચલાવી આવતો હોય જે ટ્રક ટ્રેઇલર રોડ વચ્ચેનું ડિવાઈડર ટપીને સામેની સાઈડમાં એકદમ આવી જતા સામેથી આવતા ટ્રક કન્ટેઇનરના કંડક્ટર સાઈડમાં જોરદાર ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં ટ્રક ટ્રેઇલર દ્વારા એટલી જોરદાર ટક્કર મારી કે ટ્રક કન્ટેઇનર ડિવાઈડર ટપીને સામેની સાઈડમાં જતું રહ્યું હતું. ત્યારે અકસ્માતમાં ટ્રક કન્ટેઇનર ચાલક વિક્રમકુમાર સીંગને હાથ-પગમાં તથા માથામાં ઈજાઓ પહોંચી હતી જયારે કંડક્ટર એસ.દુર્ગાસીંગ ઉવ.૨૨ને માથામાં અને છાતીમાં ગંભીર ઈજાઓ પહોંચતા તેને સારવાર માટે પ્રથમ માળીયા(મી) સરકારી હોસ્પિટલ બાદ મોરબી ત્યાંથી રાજકોટ રીફર કરેલ જ્યાં ડોક્ટરે જોઈ તપાસી એસ.દુર્ગાસીંગને મૃત જાહેર કર્યો હતો. ત્યારે સમગ્ર અકસ્માતના બનાવની વિક્રમકુમાર દ્વારા માળીયા(મી) પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા હાલ પોલીસે આરોપી ટ્રક ટ્રેઇલરના ચાલક સને ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ટંકારા-જામનગર રોડ ઉપર અલ્ટો કાર પલટી જતા એક જ પરિવારના બે સભ્યોના મોતઃ ત્રણ બાળકી સહીત છ ઈજાગ્રસ્ત

**મુખ્ય સમાચાર, ટંકારા**

ટંકારા તાલુકાના હીરાપર અને સરાયા વચ્ચે મહાદેવના મંદિર નજીક ટંકારા જામનગર રોડ ઉપર મારૂતિ અલ્ટો કારના ચાલકે સ્ટેરીંગ પર કાબુ ગુમાવતા કાર પલટી ખાઈ ગયી હતી. આ અકસ્માતમાં કારમાં સવાર એક જ પરિવારના બે વડીલ સભ્યોના મોત નિપજ્યા હતા જયારે ત્રણ બાળકી સહીત છ સભ્યો ઈજાગ્રસ્ત થતા તેઓને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. ગમખ્વાર અકસ્માતથી પરીવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

સમગ્ર બનાવની પ્રાપ્ત માહિતી મુજબ મોરબીના સામાકાંઠા વિસ્તારમાં નીલકંઠ સોસાયટી શેરી નં.૩માં સાઈ પેલેસમાં રહેતા ખીમરાજભાઈ રાજેશભાઈ સોનરાજ અને શક્તિભાઈ રાજેશભાઈ સોનરાજ ગત તા.૩૦/૦૪ની વહેલી સવારે મારુતિ અલ્ટો કાર રજી. જીજે-૩૬-એફ-૦૭૨૦માં પોતાના પરિવાર સાથે બહારગામ જતા હોય ત્યારે ટંકારા જામનગર રોડ ઉપર ટંકારા તાલુકાના હીરાપર ગામથી પસાર થતા હોય ત્યારે સરાયા ગામ નજીક મહાદેવના મંદિર પાસે કાર ચાલકે કાર ઉપર કાબુ ગુમાવતા કાર પલટી ગઈ હતી. આ અકસ્માતમાં કારમાં સવાર ખીમરાજભાઈના માતા નિર્મળાબેન ઉવ.૬૫ તેમજ તેમના ફૈબા ગીતાબેન ઉર્ફે ગવરીબેન રામકુમાર ટપુભાઈ રેણુકાનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. જયારે અલ્ટો કારમાં સવાર ખીમરાજભાઈ સોનરાજ અને કાર ચાલક શક્તિભાઈ સોનરાજ તથા તેમની પત્ની જલ્પાબેન તેમજ તેમની ત્રણ દીકરી આસ્થા, તુલસી અને હિનલને ઈજાઓ પહોંચી હતી. ત્યારે અકસ્માતની જાણ ટંકારા પોલીસને થતા પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. અને અકસ્માતમાં ઘાયલ તમામ સભ્યોને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યારે સમગ્ર અકસ્માતના બનાવ અંગે અલ્ટો કાર ચાલક શક્તિભાઈ સોનરાજ સામે ગુનો નોંધી ટંકારા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના પૂર્વ મંત્રી બ્રિજેશ મેરજાને પંજાબમાં લોકસભાની ચૂંટણીમાં જવાબદારી સોંપાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબીના પૂર્વ ધારાસભ્યશ્રી અને ગુજરાત સરકારના પૂર્વ મંત્રીશ્રી બ્રિજેશ મેરજાને લોકસભાની ચાલી રહેલ ચૂંટણી અન્વયે પંજાબમાં જવાબદારી સોંપવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય રહેશે કે ગુજરાતની ભાવનગર લોકસભા બેઠકના પ્રભારી તરીકે તેમણે સફળતા પૂર્વક જવાબદારી વહન કરેલી. તે પૂરી થતાજ પંજાબ રાજયના આનંદપૂરસાહેબ બેઠકની ચૂંટણીની જવાબદારી સોંપવામાં આવેલી છે. કે જ્યાં લોકસભાની ચૂંટણીનાં અંતિમ તબક્કામાં ૧ લી જૂને મતદાન થવાનું છે. આ પૂર્વે તેમણે વિકસિત ભારત સંકલ્પ યાત્રાના ગુજરાતનાં ભાજપના પ્રદેશ ઇન્ચાર્જ તરીકે પણ જવાબદારી ખૂબ નિષ્ઠા અને મહેનત કરીને પૂરી કરી છે. તેઓને વિવિધ તબક્કે ગુજરાતમાં વિવિધ સ્થળોએ ગ્ર- ૨૦ ના સેમિનાર, પ્રબુધ્ધ નાગરિક સંમેલન તેમજ પંચાયત પ્રશિક્ષણના વિવિધ ઝોનમાં પણ પ્રદેશ ભાજપ તરફથી સોંપાયેલ કામગીરી પૂરી ખંત અને નિષ્ઠાથી નિભાવી છે. પંજાબ રાજયના પ્રભારી અને પૂર્વ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાથે બ્રિજેશ મેરજાએ આ નવી જવાબદારી અંગે માર્ગદર્શન મેળવીને પંજાબની આ ઐતિહાસિક અને ધરોહર ગણાતી આનંદપૂરસાહેબ બેઠકની ચૂંટણીની જવાબદારી વહન કરવા તેઓ ટૂંક સમયમાં પંજાબ પંહોચી જશે અને ત્યાં તા. ૧ લી જૂને યોજાનાર ચૂંટણી સુધી પંજાબમાં રોકાણ કરશે. જેથી તેઓ મોરબીમાં તેમના આ પંજાબ પ્રવાસને કારણે મળી શકશે નહીં. પરંતુ તેમનું જનસંપર્ક કાર્યાલય રાબેતા મુજબ લોકો માટે ખુલ્લુ રહેશે તેમ જણાવ્યું છે.

# જામનગરના ચુનાના ભઠ્ઠા પાસે રહેતા યુવક પર જીવલેણ હુમલો, ત્રણ મહિલા સહિત ૭ લોકો સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગરના ચુનાના ભઠ્ઠા વિસ્તારમાં રહેતી એક યુવતીએ મુસ્લિમ યુવક સાથે પ્રેમલગ્ન કર્યા હતા. જેનો ખાર રાખી યુવકના પાડોશમાં રહેતી ત્રણ મહિલાઓ સહિત સાત લોકોએ યુવતીને જાતિ પ્રત્યે હડધૂત કરી યુવકના માથામાં ગંભીર ઈજા પહોંચાડતા ચાર લોકોને સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.આ મારા મારી ના બનાવની વિગત એવી છે કે જામનગરમાં ચુનાના ભઠ્ઠા પાસે ઢોલીયા પીરની દરગાહ નજીક રહેતી નર્મદાબેન નામની મહિલાએ અહેમદ રજા નામના મુસ્લિમ યુવાન સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. દરમિયાન પાડોશમાં રહેતા અશરફ જુમા ખફી, જાવેદ જુમા ખફી, તેમજ આરીફ જુમાં ખફી, શરીફાબેન જાવીદ ખફી,આયેશા જુમાં ખફી અને શિરિન બેન ખફી વગેરે સાત જેટલા પાડોશીઓએ તેનું મન દુઃખ રાખીને દલિત મહિલાને હડધૂત કરી હતી, અને માર માર્યો હતો જે દરમિયાન છોડાવવા માટે તેનો પતિ આવી જતાં ઉપરોક્ત તમામ આરોપીઓએ નર્મદાબેનના પતિ અહેમદ રજા ના માથામાં લોખંડ નો પાઇપ મારીને તેની ખોપડી ફાડી નાખી હતી, અને હત્યા નો પ્રયાસ કર્યો હતો. તેથી તેને લોહી લૂહાણા હાલતમાં સારવાર માટે જામનગરની સરકારી જી.જી.હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.આ બનાવ સમયે નર્મદાબેન ના સાસુ સસરા વગેરે છોડાવવા માટે વચ્ચે પડતાં તેઓ ઉપર પણ હુમલો કરાયો હતો. જેથી વૃદ્ધ દંપત્તિ ને હોસ્પિટલમાં સારવાર અપાય છે. સમગ્ર મામલો સીટી એ. ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયો હતો, અને નર્મદાબેન ની ફરિયાદના આધારે સાતેય આરોપીઓ સામે હત્યા પ્રયાસ અંગેની કલમ ૩૦૭ તેમજ રાયોટીંગ ની કલમ અને એસ્ટ્રોસિટી એક્ટ ની જુદી જુદી કલમો હેઠળ ગુનો નોંધ્યો છે. હાલમાં તમામ આરોપીઓ ભાગી છૂટ્યા હોવાથી પોલીસ તેઓને શોધી રહી છે.

# મોરબીમાં માથાકૂટ થતા ઘર છોડીને નીકળી ગયેલી પત્નીનું પતિ સાથે મિલન કરાવતી ૧૮૧ ટીમ

**મુખ્ય સમાચાર, જયેશ બોખાણી**




મોરબી પંથકમાં શાકમાં નમક વધારે હોવા મુદ્દે પતિએ પત્ની ઉપર હાથ ઉપાડતા પત્ની ઘર છોડીને ચાલી ગઈ હતી. આ મામલો ૧૮૧ ટીમ સમક્ષ આવતા તેઓએ મહિલાનું કાઉન્સેલિંગ કરી મહિલાની ઈચ્છા મુજબ પતિ સાથે સમાધાન કરાવી તેના પતિને સોંપી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ ૧૮૧ મહિલા હેલ્પલાઇન પર એક સજ્જન વ્યક્તિનો ફોન આવેલ અને તેમણે જણાવેલ એક મહિલા તેમની બાળકીઓ સાથે મંદિર પર આવેલા છે. બહેન સાથે વાત કરવાનો પ્રયત્ન કરેલ પણ બહેન રડતા હોય અને હિન્દી ભાષા બોલતા હોય જેથી મહિલાને મદદની જરૂર છે.

જેથી ૧૮૧ ટીમ તુરંત સ્થળ ઉપર ગઈ હતી. ત્યાં જઇને બહેનને આશ્વાસન આપેલ અને બહેનનુ કાઉન્સેલિંગ કરેલ અને તેમની સમસ્યા જાણવાનો પ્રયત્ન કરેલ. જેમાં મહિલાએ જણાવેલ તેમના લગ્ન સંસારને છ વર્ષ થયેલા હોય, સંતાનમાં બે બાળકીઓ છે તેમનું મૂળ વતન બીજા રાજ્યમાં આવેલ છે તે તેમના પતિ સાથે કારખાનામા મજુરી કામ કરવાના અર્થે આવેલા હોય ચાર વર્ષ થયા મોરબી જિલ્લામા પતિ અને બાળકીઓ સાથે રહેતા હતા.

મહિલાએ જણાવેલ આજ રોજ તેમણે જમવા માટે રસોઈ બનાવેલ, જેમાં પતિ જમવા માટે બેઠા હોય જેમાં પતિ એ કહેલ કે સબજીમા નમક વધારે છે એમ કહીને મહિલાને અપશબ્દો બોલેલ અને હાથ ઉપાડેલ હતા. જેથી મહિલા તેમના પતિને કહ્યા વગર ઘર છોડીને ઘરે થી નીકળી ગયેલ અને રીક્ષામાં બેસીને મોરબી આવેલ હતી.

બાદમાં ૧૮૧ની ટીમે પતિનો સંપર્ક કરતા પતિએ જણાવેલ, તે આજ પછી તેમના પત્ની પર હાથ નહિ ઉપાડે. આ સાથે બહેનને કાયદાકીય માહિતી આપેલ હતી. જેમાં બહેનએ જણાવેલ કે તેમના પતિ સમજી ગયેલા હોવાથી તે તેમની સાથે ઘરે જવા માંગે છે. જેથી આ મહિલાને તેના પતિને સોંપવામાં આવી હતી. તેઓએ ૧૮૧ ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# જામનગરમાં પુનીતનગરના યુવાન પર છરીથી હુમલો

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગરના પુનીતનગર વિસ્તારમાં રહેતા એક યુવાન પર અજાણ્યા શખ્સે છરીથી હુમલો કરતા ઘવાયેલા યુવાનને સારવારમાં ખસેડવામાં આવ્યો છે. આ યુવાન પર વ્યાજની ઉઘરાણીના પ્રશ્ને હુમલો કરાયો હોવાનું પ્રાથમિક તબક્કે જાણવા મળી રહ્યું છે. પોલીસે ઈજાગ્રસ્તનું નિવેદન નોંધવાની તજવીજ શરૂ કરી છે. જામનગરના ગાંધીનગર વિસ્તાર નજીકના પુનીતનગર પાસે રહેતા રાજેન્દ્રસિંહ દીપસિંહ જાડેજા નામના યુવાન પર અજાણ્યા શખ્સે છરી વડે હુમલો કરતા રાજેન્દ્રસિંહને લોહી નીંગળતી હાલતમાં સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. હોસ્પિટલમાં તબીબોએ આ યુવાનની સારવાર શરૂ કરી હતી. બનાવની જાણ થતાં પોલીસ કાફલો દોડી આવ્યો હતો. પોલીસે ઈજાગ્રસ્તનું નિવેદન નોંધવાની તજવીજ કરી હતી. બિનઆધારભૂત રીતે જાણવા મળ્યા મુજબ આ યુવાન પર વ્યાજની ઉઘરાણીના પ્રશ્ને હુમલો કરવામાં આવ્યો છે. આ યુવાન સમય પર વ્યાજ નહીં ચૂકવી શકતા તેમના પર હુમલો થયો છે. પોલીસે તપાસ હાથ ધરી છે.

# મોરબી ફાયર વિભાગ દ્વારા સિવિલ હોસ્પિટલના ડોક્ટરોને સુરક્ષા સંબંધિત તાલીમ અપાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**






મોરબી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસનાં ફાયર સ્ટાફ દ્વારા ફાયર સેફ્ટી જાગૃતિ હેતુસર મોરબી સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા ડોક્ટર અને નર્સિંગ સ્ટાફને આજરોજ સવારના સિવિલ હોસ્પિટલ ખાતે ફાયર ડેમોન્સટ્રેશન અને ટ્રેનિંગ આપવામાં આવી હતી

આગ લાગવાના કારણો, આગના પ્રકારો, કેવા કેવા પ્રકારની આગ લાગી શકે? આગથી કેવી રીતે બચી શકાય? આગની સામે કેમ રક્ષણ મેળવી શકાય, આગ કે અન્ય અકસ્માતમાં ફસાઈ જાય તો પોતાનો સ્વ બચાવ કેવી રીતે કરવો અને અન્યને પણ બચાવીને બહાર કેવી રીતે કાઢવા તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું, તેમજ Fire extinguisher (અગ્નિશામક યંત્ર)નો ઉપયોગ કેવી રીતે કરવો તે પદ્ધતિસર સમજાવ્યું. ત્યારબાદ અગ્નિશામક યંત્રના ઉપયોગનો લાઈવ ડેમો રાખવામાં આવ્યો હતો. તદુપરાંત મોરબી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ કેવી કેવી કામગીરી કરે છે અને કોઈપણ પ્રકારની આગ લાગે ત્યારે અને રેસ્ક્યુ વખતે ઈમરજન્સી કોન્ટેક્ટ ૧૦૧ નંબર પર ફોન કરીને ફાયર સ્ટેશનનો સંપર્ક કરી શકાય છે તે તમામ બાબતે માહિતગાર કરવામાં આવ્યા હતા.

વધુમાં મોરબી ફાયર વિભાગ દ્વારા જણાવ્યું હતું કે કોઈપણ શૈક્ષણિક સંકુલ, સોસાયટી, હોસ્પિટલ કે બહુમાળી ઈમારતોમાં આવા ફાયર સેફ્ટી જાગૃતિના હેતુસર ફ્રી (નિશુલ્ક) લાઈવ ડેમો અને ટ્રેનિંગના આયોજન માટે મોરબી જીલ્લા સ્ટેશન ફાયર ઓફિસર દેવેન્દ્રસિંહ જાડેજા (૯૯૭૯૦ ૨૭૫૨૦) લીડિંગ ફાયરમેન જયેશ ડાકી (૯૭૩૭૪ ૦૩૫૧૪) તેમજ મોરબી ફાયર સ્ટેશનનો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું હતું.

# જામનગરનું બંને પ્રવાહનું ૯૦ % ઉપરાંત પરિણામ

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર , ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ સામાન્ય પ્રવાહ વ્યવસાયલક્ષી પ્રવાહનું અને સંસ્કૃત માધ્યમનું પરિણામ , માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઈટ પર જાહેર કરાયુ પરિણામ , જામનગર જિલ્લામાં ધોરણ ૧૨ માં ૯૫૫૯ વિદ્યાર્થીઓ નોંધાયા , વિજ્ઞાન પ્રવાહમાં ૧૮૬૮ વિદ્યાર્થીઓએ આપી હતી પરીક્ષા , ૯૦.૩૪ ટકા પરિણામ , સામાન્ય પ્રવાહમાં ૭૬૯૧ વિદ્યાર્થીઓએ આપી પરીક્ષા , ૯૧.૩૯ ટકા પરીણામ.

# મોરબીમાં સૌપ્રથમવાર મલ્ટી સ્પેશિયાલિટી ફિઝિયોથેરાપી ટીમ દ્વારા નિઃશુલ્ક નિદાન કેમ્પ યોજાશે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં રાહત દરે કાર્યરત સંસ્કાર ફિઝીયોકેર સેંટર, શ્રી સંસ્કારધામ ઇમેર્જિંગ સેન્ટર અને મારવાડી યુનિવર્સિટી મલ્ટી સ્પેશિયાલિટી ફિઝિયોથેરાપી ટીમના સંયુક્ત ઉપક્રમે નિ:શુલ્ક ફિઝિયોથેરાપી નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ આગામી તા.૧૧/૦૪ના રોજ સંસ્કારધામ ઇમેર્જિંગ સેન્ટર, શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ મંદીરની પાછળ, જી.આઈ.ડી.સી. મેઈન રોડ, મોરબી ખાતે રાખવામાં આવેલ છે.

આ નિ:શુલ્ક ફિઝિયોથેરાપી કેમ્પમાં ૧)હાથ-પગ તથા મોઢાના લકવા-પેરાલીસીસ, પેરાપ્લેજીયા, કમ્પવા(પાર્કિંસન્સ). ૨)સેરેબ્રલ પાલ્સી, જન્મજાત ખોડખાંપણ, ત્રાંસીડોક, ઓટીઝમ, હાયપરએક્ટીવીટી વગેરે, ૩)સ્નાયુ તથા મગજ અને ચેતાતંત્રનાં રોગો , બેલેન્સ પ્રોબ્લમ, જીબીએસ, ૪)સાયટીકા/ ગાદી ખસવી/ સાંધાના વા/ ઘુંટણનો ઘસારો, ૫)કમર/ ગરદન / ખભા/ એડીનો દુ:ખાવો, ટેનિસ એલ્બો, ૬)ફ્રેકચર તથા સાંધા બદલાવ્યા પછીની સારવાર, લીગમેંટની ઇજાઓ, ૭)ડિલીવરી પહેલાં/પછીની કસરતો, મોટી ઉંમરે થતી શારીરિક તકલીફો વગેરે, ૮)બોલવાને લગતી તકલીફો તોતડું બોલવું, બાળકનું બોલી ન શકવું, બોલવામાં અચકાવું, ઓપરેશન પછી બોલવાની તકલીફ, જાડો-પાતળો કે ઘોઘરો અવાજ, પક્ષઘાતના હુમલા પછી બોલવાની તકલીફ, ખોરાક ગળવામાં તકલીફ ધરાવતા વ્યક્તિઓ, ૯)તમાકુ/ કેંસરનાં ઓપરેશન પછી જકડાયેલ જડબાની સારવાર લીધેલા દર્દીઓ આ કેમ્પનો લાભ લઇ શકે છે.

આ કેમ્પમાં સામેલ નિષ્ણાંત ફિઝિયોથેરાપીસ્ટ ડોક્ટરોની ટીમમાં ડો.આશિષ કકકડ (ન્યૂરોફિઝિયોથેરાપીસ્ટ) લકવા-પેરાલીસીસ, મગજ, કરોડરજ્જુ અને બાળકોની તકલીફોનાં નિષ્ણાંત, ડો.પૂજા વોરા(ન્યૂરો ફિઝિયોથેરાપીસ્ટ) મગજ કરોડરજ્જુ અને બાળકોની તકલીફોનાં નિષ્ણાંત, ડો.પંકજ જયસ્વાલ(ઓર્થો ફિઝિયોથેરાપીસ્ટ) હાડકાં, સાંધા અને સ્નાયુની કસરતનાં નિષ્ણાંત, ડો.કુલદીપ રામાવત(કાર્ડિઓ- પાલ્મોનરી ફિઝિયોથેરાપીસ્ટ), ડો.શાહરૂખખાન ચૌહાણ (ઓર્થો- સ્પોર્ટ્સ ફિઝિયોથેરાપીસ્ટ) હાડકાં, સાંધા, સ્નાયુ અને રમતમાં થતી ઇજાના નિષ્ણાંત, ડો.કેશા અગ્રવાલ(ન્યૂરો ફિઝિયોથેરાપીસ્ટ) મગજ કરોડરજ્જુ અને બાળકોની તકલીફોનાં નિષ્ણાંત દ્વારા નિ:શુલ્ક ફિઝિયોથેરાપી કેમ્પ માં સેવા આપવામાં આવશે.

વધુમાં આ કેમ્પનો લાભ લેવા આવતા દર્દીએ મો. ૮૧૬૦૨૮૨૪૫૬, ૯૦૯૯૯૮૦૧૫૧ પર રજીસ્ટ્રેશન કરવાનું ફરજીયાત રહેશે. તથા જુના રીપોર્ટસ તથા ફાઈલ સાથે લાવવા યાદીમાં જણાવાયું છે.

# લોકશાહિના મહાપર્વમાં ચૂંટણી પંચનો ઉત્સાહ એળે ગયોઃ મતદારો રહ્યા નિરૂત્સાહી

**મુખ્ય સમાચાર, મોરબી**



વિશ્વના દેશોમાં ભારત દેશની અને ભારતની લોકશાહીની બોલબાલા છે,છેલ્લા ઘણા સમયથી લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ ને ધ્યાનમાં લઈ આચારસંહિતા અમલી બન્યા પહેલાં સમગ્ર દેશનું વહીવટી તંત્ર વિકાસના કામોને બાજુએ મૂકી ચૂંટણી કામગીરીમાં ખડેપગે લાગી ગયું છે.એકબાજુ રાજનેતાઓએ મતદાતાઓને રીઝવવાના ભરચ્ચક પ્રયત્નો કર્યા,બીજીબાજુ ચૂંટણી પંચ દ્વારા મતદાતાઓ મતદાન કરવા પધારે એ માટે તનતોડ મહેનત કરી,રેલીઓ કાઢી મીડિયાના માધ્યમ થકી અનેક નેતા અભિનેતાઓએ મતદાતાઓને મતદાન કરવા માટે અપીલો કરવામાં આવી, બીએલઓએ પોતાની મુખ્ય ફરજના ભોગે ઘરે ઘરે જઈને વોટર સ્લીપોનું વિતરણ કર્યું, હરીફ ઉમેદવારોના સુંદર મજાના ફોટાવાળી સ્લીપોનું વિતરણ પક્ષના કાર્યકર્તાઓએ કર્યું, પેજપ્રમુખ,પેજ કમિટીએ પણ મતદારો સુધી પહોંચી મતદાન કરવા આહવાન કર્યું,જુદાં જુદાં અનેક સંગઠનોએ મતદાતા જાગૃતિ માટેની પત્રિકાઓ વિતરણ કરી,સ્ટીકરો લગાવ્યા,સંતો મહંતો, અગ્રણીઓએ પણ ખુબજ અપીલો કરી ખૂબ બધો પ્રચાર પ્રસાર કર્યો, બુથ પર પણ જાનૈયાઓના સ્વાગત જેવી સ્વાગત થાય એવી વ્યવસ્થાઓ કરવામાં આવી હતી. સિનિયર સિટીઝન,દિવ્યાંગ મતદારો માટે વ્હિલચેરની વ્યવસ્થા અને લાવવા લઈ જવા માટે વાહન વ્યવસ્થા કરવામાં આવી હતી,આમ મતદાતાઓ માટે શક્ય એટલી તમામ વ્યવસ્થાઓ કરી હતી, ચૂંટણી પંચ બાણેજ અને સિયાળ બેટ જેવા એક મતદાર માટે પણ મતદાન માટે વ્યવસ્થા કરે છે,એક એક મત માટે ખૂબ મોટો ખર્ચ કરે છતાં ત્રીજા તબક્કાના મતદાનના આંકડા જોતાં આ તમામ પૂર્વ તૈયારીઓની મતદાતાઓ પર અસર ન થઈ હોય એવું જોવા મળ્યું છે,ગત ચૂંટણીની સરખામણીમાં તમામ જગ્યાએ ઓછું એટલે કે સરેરાશ ૫૫% થી ૬૦% જેટલું મતદાન થયું હોવાના અહેવાલો સાંપડી રહ્યા છે.

ઓછું મતદાન થવા પાછળ ઘણા બધા ચિંતન,મનન અને મનોમંથન કરતા અનેક કારણો સામે આવી રહ્યા છે,જેમકે જે કંઈ મતદાન થયું છે એ મોટાભાગનું મોટી ઉંમરના લોકોનું થયું છે, કહેવાતા ભણેલા ગણેલા મતદાનથી અળગા રહ્યા કારણ કે આ લોકો પોતાના મતદાન મથકથી દૂર વતનથી દૂર ધંધા રોજગારી અર્થે બહાર હોય છે એટલે આ લોકો પોતાનો કિંમતી મત આપવા આવતા નથી. આ કહેવાતા ભણેલા ગણેલા લોકોને સરકારી સુવિધાઓ બધી જોઈએ છે પણ દેશ માટે મતદાન કરવાનો એમની પાસે સમય નથી.આજ વ્યક્તિ ટાઈમ,ટિફિન અને ટીકીટ ખર્ચીને ક્રિકેટ મેચ જોવા જશે,ફિલ્મ જોવા જશે પણ મતદાન કરવાનો એમની પાસે ટાઈમ નથી.આજ વ્યક્તિ ક્રિકેટ મેચની અને ફિલ્મની ટીકીટ લેવા લાંબી કતારમાં ઉભો રહેશે પણ મતદાન કરવા લાઈનમાં નથી રહેવું,વળી,હાલ મોટાભાગના ગામડાઓ ખાલી થઈ ગયા છે યુવાનો હાલ બહાર વસવાટ કરી રહ્યા છે,પોતાનું નામ જે તે વતનના ગામની મતદારયાદીમાં પોતાનું નામ રાખે છે.પણ ચૂંટણીમાં મતદાન કરવા આવતા નથી એના કારણે મતદાન ઓછું થાય છે. મતદાન કરતી વખતે મતદાતાઓએ ફોટો ઓળખકાર્ડ સાથે લાવવાનું હોય છે પણ ઘણાં મતદારો આવું આઈડી લાવવાનું ભૂલી જતા હોય છે,પરિણામે વોટર્સ વોટિંગ કર્યા વગર પાછો જાય છે,આ કારણે વોટિંગ ઓછું થાય છે,ઘણો બધો નોકરિયાત વર્ગ ચૂંટણી ફરજમાં તેમજ પોતાના વતનથી દૂર ફરજ બજાવતો હોય આ લોકો પણ પોતાની અન્ય સ્થળે ફરજના કારણે ચૂંટણી પંચે પોસ્ટલ બેલેટની વ્યવસ્થા કરેલ હોવા છતાં કોઈને કોઈ કારણોસર મતદાન કરી શકતા નથી જેના લીધે પણ મતદાન ઓછું થાય છે. બહેનો માટે સરકારશ્રી દ્વારા અનેક કલ્યાણકારી યોજનાઓ તેમજ ચૂંટણીમાં ૩૩% અનામતની જોગવાઈ કરી હોવા છતાં જેટલું મતદાન થયું છે એમાં બહેનોનું મતદાન પુરુષોની સરખામણીએ ઓછું થયું છે.વળી ઘણા કિસ્સામાં મતદાતાનું નામ બે જગ્યાએ પણ ચાલતું હોય છે પરિણામે મતદાતા એક જગ્યાએ મતદાન કરે છે અને એક જગ્યાએ મતદાન થતું નથી,આવા અનેક કારણોસર મતદાન ઓછું થયું હોય હવે વન નેશન,વન ઇલેક્શન અને ફરજીયાત મતદાન નો સમય પાકી ગયો હોય એ દિશામાં આગળ વધવું આવશ્યક છે,તેમજ યુવા અને એજ્યકેટેડ વોટર્સ માટે ઓનલાઈન વોટિંગની વ્યવસ્થા પણ કરવી જરૂરી છે,તો અને તો જ લોકશાહીનો આધારસ્તંભ મતદાન વધુ થઈ શકશે અન્યથા ચૂંટણી પંચ ઉત્સાહી અને મતદારો નિરુત્સાહી રહેશે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ધો.૧૨ વિજ્ઞાનપ્રવાહ અને સામાન્ય પ્રવાહમાં રાજકોટના વિદ્યાર્થી ભાઈ-બહેનોનો દબદબો

## ૮૮૯ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ સામાન્યપ્રવાહમાં એ-૧ ગ્રેડ જ્યારે ૩૯૮૪એ મેળવ્યો એ-૨ ગ્રેડઃ વિજ્ઞાનપ્રવાહમાં ૪૩ છાત્રોએ એ-૧ અને ૩૦૫ છાત્રોએ એ-૨ ગ્રેડ મેળવ્યોઃ ધોળકીયા શાળાની વિદ્યાર્થિનીઓએ ફરી એકવાર મેદાન માર્યુઃ ત્રણ વિદ્યાર્થિનીઓએ સામાન્ય પ્રવાહમાં બોર્ડમાં પ્રથમ ૧૦માં સ્થાન મેળવ્યું





(તસ્વીરઃ આનંદ જાવિયા)






આજે ધો.૧૨ સામાન્યપ્રવાહ અને વિજ્ઞાનપ્રવાહના પરિણામ સાથે ગુજકેટનું પરિણામ પણ જાહેર કરવામાં આવ્યું હતું જેમાં રાજ્યનું વિજ્ઞાનપ્રવાહનું પરિણામ ૮૨% જ્યારે સામાન્યપ્રવાહનું ૯૧.૯૩% જાહેર થયું હતું. નોંધનીય વાત એ છે કે રાજકોટના વિદ્યાર્થી ભાઈ-બહેનોનું બંને પ્રવાહમાં દબદબો રહ્યો હતો. રાજકોટ જિલ્લાનું સામાન્યપ્રવાહનું પરિણામ ૯૩.૨૯% જ્યારે વિજ્ઞાનપ્રવાહનું ૯૨.૦% રહ્યું હતું. ખાસ કરીને રાજકોટની ધોળક્યિા શાળાની કુરમુળ આશાએ ૯૯.૬૭ પીઆર સાથે તેમજ નંદાસણા રીસ્તાએ ધો.૧૨ સામાન્યપ્રવાહમાં ૯૯.૯૮% મેળવી બોર્ડમાં બીજુ સ્થાન મેળવ્યું હતું. જ્યારે ચંદ્રવંશી આનંદે ધો.૧૨ કોમર્સમાં ૯૯.૯૯ પીઆર સાથે પ્રથમ ક્રમાંક બોર્ડમાં મેળવ્યો હતો. આજે ઓચિંતુ પરિણામ જાહેર કરાતા અનેક શાળાઓ દવારા કોઈ તૈયારીઓ કરાઈ ન હતી. શહેરની સ્કૂલ ઓફ સાયન્સની વિદ્યાર્થિનીઓ પણ આજના પરિણામમાં અવ્વલ નંબર પર રહી હતી. આજના પરિણામ બાદ રાજકોટની ધોળક્યિા શાળા ફરી એક્વાર દબદબો રહ્યો હતો. શાળાના વિદ્યાર્થી ભાઈ-બહેનોને ક્રષ્ણકાંતભાઈ ધોળક્યિા તેમજ જીતુભાઈ ધોળક્યિા દવારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# રાજકોટમાં પ્રિ-મોન્સૂન કામગીરીઃ મનપાનો વોકળા તેમજ નીચાણવાળા વિસ્તારોની સફાઈ શરૂ કર્યાનો દાવો; મામુલી વરસાદમાં ઠેર-ઠેર પાણી ભરાતા હોવાનો વિપક્ષનો આરોપ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરનાં અનેક વિસ્તારોમાં ચોમાસા દરમિયાન પાણી ભરાઈ જતા હોય છે. જેના કારણે મનપા દ્વારા પ્રિ-મોન્સૂન કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં ચોમાસા પહેલા જ શહેરનાં તમામ વોકળા અને નીચાણવાળા વિસ્તારની સફાઈ કરવામાં આવી રહી છે. જેથી ચોમાસા દરમિયાન પાણીનો નિકાલ થઈ જતા રસ્તાઓ પર પાણી ભરાવાની સમસ્યામાં રાહત મળી શકે. જોકે દરવર્ષે મનપા દ્વારા આ પ્રક્રિયા કરવાનો દાવો કરાય છે, પરંતુ આમ છતાં પણ શહેરનાં અનેક વિસ્તારોમાં મામુલી વરસાદમાં પાણી ભરાઈ જતા હોવાનો આરોપ વિપક્ષ દ્વારા લગાવવામાં આવ્યો છે.




પ્રાપ્ત વિગત મુજબ રાજકોટમાં દર ચોમાસે રસ્તાઓ ઉપર કાયમ પાણી ભરાતા રહે છે. દર વર્ષે પ્રિ-મોન્સૂન કામગીરી થાય છે. છતા રસ્તાઓ જળબંબાકાર થતા અટકતા નથી. વોકળા ઉપર થઈ ગયેલા બાંધકામો દૂર કરી શકાયા નથી અને તેના કારણે પાણીની સમસ્યા પણ ઉકેલાતી નથી. ૨થી ૩ ઇંચ પાણી પડે એટલે દરેક મુખ્ય માર્ગ ઉપર પાણી ભરાવાની સમસ્યા દાયકાઓથી હજુ પણ યથાવત છે. સ્ટોર્મ વોટર ડ્રેનેજ બનાવવા છતા આ સમસ્યાનો ખાસ ઉકેલ આવ્યો નથી. જોકે મનપા દ્વારા ચોમાસુ નજીક આવતા ફરી પ્રિ-મોન્સૂન કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કામગીરીમાં નીચાણવાળા વિસ્તારોમાંથી લોકોના સ્થળાંતર માટેની તૈયારીઓ પણ અત્યારથી કરવામાં આવી રહી છે.

આગામી ચોમાસુ સામાન્ય કરતા વિશેષ રહેશે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી ચૂકી છે. ત્યારે ચોમાસા દરમિયાન રાજકોટ શહેરમાં નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા થતી સમસ્યાને પહોંચી વળવા માટે પ્રિ-ન્મોન્સૂન તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. આ વખતે મ્યુ. કમિશનરે ચોમાસાને કારણે રસ્તાઓ પર પડતા ખાડાઓની તાત્કાલિક મરામત થાય તે માટે ઝોનવાઈઝ કવિક રિસ્પોન્સ ટીમ રચવા પણ આદેશ કર્યો છે.

# રાજકોટના આંગણે ફરી એકવાર યોજાશે ભવ્ય વેડિંગ અને લાઈફ સ્ટાઈલ એક્ઝિબીશન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે આવતીકાલ તા. ૧૦થી ૧૨ સુધી સાંજના ૪ વાગ્યાથી રાત્રિના ૧૧ વાગ્યા સુધી ભવ્ય એક્ઝિબીશન અને ફૂડ ફેસ્ટીવલનું આયોજન રાજકોટના ફેમસ ફેબ ફેશન અને મુંબઈનું પ્રખ્યાત શૃંગાર એક્ઝિબીશન દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. રંગીલા રાજકોટીયન્સ માટે સમર સ્પેશ્યલ એક્ઝિબીશન આવતીકાલથી યોજાશે. શોપિંગની સાથે વિવિધ ફૂડની મજા પણ રાજકોટીયન્સો માણી શકશે. આ એક્ઝિબીશિનમાં સુરત, મુંબઈ, બરોડા, દિલ્હી, પૂના સહિત તમામ શહેરોના સ્ટોલ્સ ઉપલબ્ધ છે. જેમાં લગ્નની ખરીદીથી માંડીને વિવિધ આકર્ષક વસ્તુઓ એક જ જગ્યાએથી મળી રહેશે. સ્પેશ્યલ લખનવી કુર્તી, ચીકનના ડ્રેસ, ડિઝાઈનર કુર્તી અને હા, બાળકો માટે સ્પેશ્યલ ક્લોથસની વિવિધ આકર્ષક વેરાયટીઓ તો ખરી જ.

ફેબ ફેશન અને શૃંગાર દ્વારા આયોજિત આ એક્ઝિબીશન રાજકોટ સહિત અનેક મોટા શહેરોમાં યોજાય છે. અવનવી જ્વેલરી, ફૂટવેર, વિવિધ ક્લોથસ અને પટોડા, સેલા, લખનવી અને ખાસ બાળકો માટે વુડનના રમકડાં, મુંબઈની પ્રખ્યાત બેડશીટ, ઓકસોડાઈઝ મુંબઈની જ્વેલરી સહિત લગ્નને લગતી તમામ આઈટમો અહીંથી મળશે.

આ એક્ઝિબીશનમાં ખાસ આકર્ષણ જમાવશે સુરતના પ્રખ્યાત ટેરો રીડર કે જેઓ તમારા જીવનને લગતા તમામ પ્રશ્નોનું નિરાકરણ સાથે ઉપાયો પણ જણાવશે. રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે આયોજિત આ એક્ઝિબીશનમાં શોપીંગ સાથે ફૂડની મજા માણવી ચૂકશો નહીં. વધુ માહિતી માટે મો.નં. ૬૩૫૧૧૧૯૪૧૦, ૯૮૭૦૬૬૫૫૭૭ પર સંપર્ક કરી શકાશે.

# ત્રંબાની યુવતી સાથે રાજકોટના શખ્સે પ્રેમ લગ્ન કર્યા બાદ તરછોડી દીધી

## યુવતીના પિતા અને માસીને શખ્સે ગાળો ભાંડી ધમકી આપતા પોલીસમાં ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ત્રંબા ગામમાં રહેતી ૨૬ વર્ષીય યુવતી સાથે તેના પ્રેમીએ રીતસરનું ચલકચલાણું રમી તરછોડી દેતાં આખરે આ મામલે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

આ અંગે ધર્મિષ્ઠા વસંતભાઈ ભટ્ટીએ આજીડેમ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તેણે ૨૬-૬- ૨૦૨૩ના કોઠારિયા રોડ પર ગોકુળપાર્ક શેરી નં.૧માં રહેતા કરણ રાજેશભાઈ રાયચુરા સાથે કોર્ટમેરેજ કર્યા હતા. લગ્ન કર્યા બાદ ધર્મિષ્ઠા પિતાના ઘરે જ રહેતી હતી. આ પછી બન્ને વચ્ચે વિવાદ થતાં ૧૫-૨-૨૦૨૪ના છૂટાછેડા લઈ લીધા હતા. દરમિયાન બે મહિના પહેલાં કરણ ધર્મિષ્ઠાના ઘેર આવ્યો હતો અને એક ફોન તેમજ સીમ કાર્ડ આપ્યું હતું જેના ઉપર બન્ને વચ્ચે ફરી વાતચીત થઈ હતી અને કરણે લગ્ન કરવા માટેની તૈયારી દર્શાવતાં ધર્મિષ્ઠાએ પણ હા પાડી હતી. ત્યારબાદ ૮ એપ્રિલે નવેક વાગ્યાની આસપાસ કરણે ધર્મિષ્ઠાને ફોન કરીને કહ્યું હતું કે 'આપણે હવે લગ્ન નથી કરવા, મારા પરિવારના સભ્યો ના પાડે છે' જે સાંભળી ધર્મિષ્ઠાએ કહ્યું હતું કે હવે લગ્નની કેમ ના પાડે છે ? આ સાંભળી કરણ ઉશ્કેરાઈ ગયો હતો અને કહ્યું હતું કે હવે જો તું મને ફોન કે મેસેજ કરીશ તો જાનથી મારી નાખીશ. આટલું ઓછું હોય તેમ ધર્મિષ્ઠાના પિતા, માસીને પણ ફોન પર ધમકી આપી હતી.

# પ્રેમીએ સગાઈ કરવાની ના કહેતા યુવતીનો ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ

## રૈયાધારમાં યુવાનનો ગૃહ કલેશથી કંટાળી આપઘાત કરી લેતા અરેરાટી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરના હેમુગઢવી પાસે એવીપીટીની ગર્લ્સ હોસ્ટેલના ક્વાટર્સમાં રહેતા રેકટરની પુત્રીએ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતા હોસ્પિટલમાં ખસેડાઈ હતી.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે, આપઘાતનો પ્રયાસ કરનાર યુવતી તેમાં સમાજના એક યુવાન સાથે પ્રેમ કરતી હતી. અને બન્ને પરિવારને તે બાબતે જાણ હોય સંમતીથી ટૂંક સમયમાં સગાઈ નક્કી કરવાની હતી પરતું કોઈ કારણસર યુવાને લગ્ન કરવાની ના પાડી દેતા યુવતી ડિપ્રેશનમાં આવી ગઈ હતી અને તેને આ પગલું ભરી લીધું હતું.

બીજા બનાવમાં રૈયાધારમાં પાણીના ટાંકા પાસે રહેતા દેવીપૂજક યુવાને ગૃહકંકાસથી કંટાળી ગળેફાંસો ખાઇ જીવન ટુંકાવી લીધું હતું. તેમનાં મૃત્યુથી ત્રણ સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી છે. બનાવની વિગતો મુજબ રૈયાધારે કર્વાટરમાં રહેતા ફગરૂભાઈ ચકુભાઈ મકવાણા (ઉ.વ.૪૦) નામના યુવાને પોતાના ઘરે ગૃહકંકાસથી કંટાળી ગળેફાંસો ખાઈ તેમને તુરંત સારવાર અર્થે સિવિલ હોસ્પિટલે ખસેડાયા હતા ત્યાં તેમનું મોત નીપજ્યું હતું. તેમને સંતાનમાં એક દીકરો બે દીકરી છે. તેઓના મોતથી ત્રણેય સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી છે.

# આજી ડેમમાં ડુબી જતાં અજાણ્યા પ્રૌઢનું મોતઃ વાલીવારસની શોધખોળ

## ડેમના પાળા ઉપર બેઠા હતા ત્યારે હાર્ટ એટેક આવતા પ્રૌઢ પાણીમાં પડી ગયાની શંકા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરના ભાવનગર રોડ પર આજીડેમના પાળા ઉપર બેઠેલા અજાણયા પ્રૌઢ અચાનક પાણીમાં પડી જતા ડૂબી જવાથી તેમનુ મોત નીયજ્યું હતુ આ અંગે પોલીસે અજાણયા પ્રૌઢની ઓળખ મેળવવા વાલી વારસની શોધખોળ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં હાર્ટએટેકે આવતા પડી ગયાની શંકા સેવાળ રહી છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ ભાવનગર રોડ પર જૈન દેરાસર સામે આજીડેમના પાળા પાસે એક પ્રૌઢ બેઠા હતા જે અચાનક પાણીમાં પડી જતા ડૂબી ગયા હતા. જેથી ત્યાં નજીક કપડા ધોઈ રહેલી મહિલાઓએ જાણ કરતા ફાયર બ્રિગેડનો સ્ટાફે દોડી જઈ મૃતદેહને બહાર કાઢયો હતો ૧૦૮ના સ્ટાફે મૃત જાહેર કરી પોલીસને જાણ કરતા આજીડેમ પોલીસ મથકના હેડ કોન્સ. જયદેવભાઈ બોસીયા દોડી ગયા હતા મૃતક અજાણયા પ્રૌઢ (ઉ.વ.આશરે ૬૦૪) હોય જેની પાસેથી ઓળખ થાય તેવી કોઇ વસ્તુ મળી આવી ન હતી

પ્રાથમિક તપાસમાં મૃતકને હાર્ટએટેકે આવતા તેઓ અચાનક પાણીમાં પડી ગયાની શંકા સેવાઈ રહી છે. પોલીસે મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરી છે. જે કોઈ વાલી વારસ હોય તો આજીડેમ પોલીસ મથકનો સંપર્ક કરવા જણાવાયું છે.

# હુડકો કવાર્ટરમાં મહિલાના આડા સંબંધ બાબતે યુવાનને મારમારતા આરોપીને ત્રણ વર્ષની સજા

## ઘરકામ કરતી મહિલા સાથે પ્રેમ સંબંધ બંધાતા પતિએ કામ છોડાવ્યુ બાદમાં ત્રણ શખ્સોએ ખાર રાખી માર માર્યો'તો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કોઠારીયા રોડ પર આવેલા હુડકો ક્વાર્ટરમા ઘરકામ કરવા જતી પરિણીતા સાથે આડા સંબંધ રાખી હેરાન કરતા ઘરકામ છોડાવી દીધાનો ખાર રાખી પરિણીતાના પતિને માર મારવાના ગુનામાં અદાલતે બે ભાઈ સહિત ચાર શખ્સોને તકસીરવાન ઠેરવી ૩ વર્ષની સજા અને દંડનો હુકમ કર્યો છે. આ કેસની હકીકત મુજબ શહેરના કોઠારીયા રોડ પર આવેલા હુડકો ક્વાર્ટરમાં રહેતા યુવાનને પાડોશી કલ્પેશ ઉર્ફે અલ્પેશ બીપીન સેદાણી, ભાવેશ બીપીન સેદાણી, જિજ્ઞેશ શિવુભા પરમાર અને અતુલસિંહ છનુભા રાઠોડએ માર માર્યા અંગેની ભક્તિનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં ફરિયાદીના પત્ની આરોપી કલ્પેશ ઉર્ફે અલ્પેશ બીપીન સેદાણીના ઘરે ઘરકામ કરવા જતાં બંને વચ્ચે આંખ મળી જતા આડા અબંધ બંધાયા હતા અને પરિણીતાને હેરાન કરતા હોવાથી તેના પતિએ હેરાન કરવાની ના પાડતા અને ઘરકામ છોડાવી દેતા જેનું મન દુખ અને ખાર રાખી ચારેય શખ્સોએ પરિણીતાના પતિને માર માર્યાનું જણાવ્યું હતું ભક્તિનગર પોલીસે તમામ શખ્સોની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા તપાસનીશ દ્વારા અદાલતમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવ્યું હતું. બાદ કેસની સુનાવણી ચાલવા પર આવતા બંને પક્ષોની રજૂઆત બાદ સરકાર પક્ષે એપીપી ડી.કે.શ્રીમાળી ઉપસ્થિત રહી સાહેદો, પંચ, તપાસનીશ અને તબીબને તપાસવામાં આવેલા અને ફરિયાદીએ ફરિયાદને સમર્થન આપેલું તેમજ ફરિયાદીના પત્નીએ તમામ શખ્સને ઓળખી બતાવેલા બાદ દલીલ કરવામાં આવેલી તેમજ હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ટાંકેલા ચુકાદોઓ ધ્યાને લઈ ન્યાયધીશ એમ.જી શાહે ચારેય શખ્સોને અલગ અલગ કલમ હેઠળ તકસીરવાન ઠેરવી અને ત્રણ વર્ષની સજાનો હુકમ અને દંડ ફટકારતો હુકમ કર્યો છે.

# ટ્રાફિક પોલીસની અસરકારક વાહન ચેકિંગ ડ્રાઈવ



શહેરમાં લોકસભા સામાન્ય ચૂંટણીના અનુસંધાને શહેરમાં કાયદો વ્યવસ્થા જળવાય રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે રાજકોટ શહેર ટ્રાફિક પોલીસ દવારા ગઈ તા.૧૫/૩/૨૦૨૪ની તા.૬/૫/૨૦૨૪ દરમિયાન શહેરના અલગ અલગ વિસ્તારોમાં ટ્રાફિક ડ્રાઈવ નું આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રાફિક શાખાના એ.સી.પી.જે.બી.ગઢવીના માર્ગદર્શન હેઠળ પીઆઈ બી.પી.રઝીયા પીઆઈ એમ્જી.વસાવા તથા પીએસઆઈ અને પોલીસ કર્મચારીઓ દ્વારા અસરકારક વાહન ચેકિંગ કામગીરી કરવામાં આવી હતી જેમાં વાહનોના રજીસ્ટર કાગળો, ત્રીપલ સવારી, નો પાર્કિંગ, ફેન્સી નંબર પ્લેટ, બ્લેક ફિલ્મ, ઓવર સ્પીડ, હેલ્મેટ સહિતના કેસો નોંધવામાં આવ્યા હતા.

# ચોટીલાના રાજાવડ ગામના યુવાનની ક્રૂર હત્યા:પાંચ શખ્સો સામે નોંધાયો ગુનો

## કડીયાકામ જવાનું કહીંને ઘરેથી નીકળેલા યુવાનની નદી કાંઠેથી લાશ મળી: યુવતીને ભગાડી ગયા બાદ પ્રેમીકાના પરિવારજનોએ યુવાનને શોધી તેની ક્રુરતાથી હત્યા કરી હોવાનું સામે આવ્યું

**મુખ્ય સમાચાર રાજકોટ**


રાજકોટ અમદાવાદ હાઈવે પર આવેલા ચોટીલાના રાજાવડ ગામનો યુવાન પાંચ દિવસ પહેલા ઘરેથી કામ જોવા ગયા બાદ ગઈકાલે નદી કાંઠેથી તેની ક્રૂરતા પૂર્વક હત્યા કરાયેલી લાશ મળી આવતા ભારે ચકચાર મચી જવા પામી હતી. બનાવના પગલે અનુજાતિ સમાજના લોકોએ હાઈવે ચક્કાજામ કરી યુવાનની હત્યાની આશંકા સાથે આક્ષેપ કરાતા પોલીસે તપાસ કરતા યુવાન દેવસર ગામની યુવતીને ભગાડી ગયા બાદ પ્રેમિકાના પરિવારજનોએ યુવાનને શોધી તેને ક્રૂરતાથી હત્યા કરી હોવાનું સામે આવતા પોલીસે પાંચ શખ્સો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.




આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ચોટીલા તાલુકાના રાજાવડ ગામે રહેતો અને કડીયાકામ કરતો દિલીપ મુળુભાઈ વાઘેલા (ઉ.વ.૨૬)નામનો યુવાન પાંચ દિવસ પહેલા ઘરેથી કામે જવાનું કહીં નિકળી ગયો હતો અને તેનો ફોન બંધ આવતો હોય ત્યારે પરિવારજનોએ યુવાનની શોધખોળ શરૂ કરી હતી. તે દરમિયાન ગઈકાલે રાજાવડ ગામની સીમમાં આવેલ નદીકાંઠેથી તેની ક્રૂરતા પૂર્વક હત્યા કરાયેલી લાશ મળી આવતા ભારે રોષ જોવા મળ્યો હતો અને અનુજાતિ સમાજના લોકો દ્વારા ચોટીલા પાસે હાઈવે ચક્કાજામ કરી ન્યાયની માંગણી કરી હતી. તે દરમિયાન ચોટીલા પોલીસે આ બનાવની ઊંડાણ પૂર્વક તપાસ કરતા પાંચ દિવસ પહેલા રાજાવડ ગામનો દિલીપ વાઘેલા દેવસર ગામની યુવતીને ભગાડી ગયો હોય ત્યારે યુવતીના પરિવારજનોએ દિલીપને શોધી તેની ક્રૂરતાથી હત્યા કરી લાશ રાજાવડ ગામની સીમમાં નદીકાંઠે ફેંકી ગયા હોવાનું ખુલવા પામતા ચોટીલા પોલીસે નાગજી ગોવિંદ, જયેશ નરશી, સુખા રણછોડ, રામા રણછોડ, વાલા માનસીંગ સામે ગુનો નોંધી યુવાનની લાશને ફોરેન્સીક પીએમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી.

## ચોટીલાના દેવસર ગામના વાડી વિસ્તારમાંથી શંકાસ્પદ હાલતમાં યુવાનની લાશ મળી આવતા ચકચાર

### દલિત સમાજે તપાસમાં અન્યાય થયો હોવાની વાત સાથે હાઈવે ચક્કાજામ કર્યો





**મુખ્ય સમાચાર, મોહસીનખાન પઠાણ**

**ચોટીલા:** ચોટીલા તાલુકાના દેવસર ગામના વાડી વિસ્તારમાંથી ગઈ કાલે એક યુવકની શંકાસ્પદ હાલતમાં લાશ મળી આવી હતી. આ ઘટનાની જાણ થતા ચોટીલા પોલીસે ઘટના સ્થળે પહોંચીને વધુ તપાસ હાથ ધરી હતી. જ્યારે બીજી તરફ મૃતકના પરિવારજનોએ યુવાનની હત્યા થઈ હોવાનો આક્ષેપ કરીને ચોટીલા રેફરલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવેલ લાશ ને પરત કરવા માંગ કરી હતી. આ બાબતે રક ઝક થતાં પરિવારજનો તથા ભીમ આર્મીના મેરૂભાઈ સાગઠીયા દ્વારા રેફરલ હોસ્પિટલ ગેટ પાસે નેશનલ હાઈવે પર બેસી જઈને રોડ ચક્કાજામ કરતા લોકોમાં ફડફડાટ પ્રસરી ગયો હતો. આ પરિસ્થિતિની ગંભીર નોંધ લઇને જિલ્લા પોલીસ વડા ગિરીશ પંડ્યા તથા જિલ્લા ભરનો પોલીસ સ્ટાફ ચોટીલા બંદોબસ્ત માં ગોઠવાય ગયો હતો. નેશનલ હાઈવે પર બેઠેલા પરિવારજનોને સુરેન્દ્રનગર જિલ્લા ડી.વાય.એસ.પી. વિશાલ રબારીએ સમજાવીને રોડ પુનઃ શરૂ કરાવડાવ્યો હતો. અને પરિવારજનોને અન્યાય નથી થાય તેની ખાતરી આપીએ મૃતક યુવાનની લાશને ફોરેન્સિક પી.એમ. માટે રાજકોટ રવાના કરવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર ચોટીલા તાલુકાના રાજાવડ ગામની નદીમાંથી રાજાવડ ગામના દિલીપ મુળાભાઈ વાઘેલાની લાશ મળી આવી હતી. આ બાબતની ચોટીલા પોલીસને જાણ થતા પોલીસ ઘટના સ્થળે પહોંચી તપાસ શરૂ કરી હતી. યુવકનું શંકાસ્પદ હાલતમાં મોત થયેલું જોતા પરિવાજનોએ યુવકની હત્યા થયાની આશંકા વ્યકત કરી ઝીણવટભરી તપાસની માંગ કરી હતી.

# મધુવન પાર્ક, મહિકા ગામ, પુનિતનગર અને દેવપરામાં ચાર વ્યકિતઓના હૃદય ધબકારા ચુકી ગયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કુવાડવા રોડ પર મતદાન કરી ઘરે આવેલા પ્રૌઢને, મહીકા ગામે જમણવારની લાઈનમાં ઊભા પરિણીતાને, પુનિતનગરમાં સૂતા બાદ આધેડને અને દેવપરામાં મહિલાને હૃદય રોગનો હુમલો જીવલેણ સાબિત થતાં પરિવારમાં અરેરાટી મચી જવા પામી છે.





પ્રથમ બનાવની વિગતો મુજબ કુવાડવા રોડ પર મધુવન પાર્ક શેરી નં.૪ માં રહેતા રમેશભાઈ જાદવભાઈ વેકરીયા ઉ.વ.૬૦ બપોરના સમયે મતદાન કરવા માટે ગયા હતા. મતદાન કરી ઘેર પહોંચ્યા તે દરમ્યાન તેઓને છાતીમાં દુખાવો ઉપડતા બેભાન થઈ ઢળી પડયા હતા. જેથી તેમણે સારવારમાં ખસેડાતાં ફરજ પરનાં તબીબે તપાસી મૃત જાહેર કર્યા હતા. અને બનાવની જાણ બી.ડીવીઝન પોલીસને કરી હતી. બીજા બનાવમાં મહીકા ગામમાં રહેતા વિજયાબેન મનસુખભાઈ સાગઠીયા ઉ.વ.૪૨ રાત્રીનાં પોતાના ઘરની બાજુમાં જમણવાર હોય ત્યાં જમવા માટે ગયા હતા.જયાં પોતે જમણવારની લાઈનમાં ઊભા હતા ત્યારે તેમને હાર્ટએટેક આવતા તેઓ ત્યાંજ બેભાન થઈ ગયા હતા જેથી સારવારમાં ખસેડાતાં ફરજ પરનાં તબીબોએ તેમને તપાસી મૃત જાહેર કર્યા હતા.

ત્રીજા બનાવમાં બજરંગવાડીમાં પુનિતનગરમાં રહેતા વિજયભાઈ વિરચંદભાઈ શાહ નામના પર વર્ષીય આધેડ રાત્રિના સૂતા બાદ તેમના પરિવારજનોએ સવારમાં ઉઠાડતા તેઓ બેભાન જણાતા તેમને સારવાર માટે સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. અને તબીબોએ તેને તપાસી મૃત જાહેર કર્યા હતા અને હાર્ટ એટેક આવ્યાનું જણાવ્યું હતું. અને ચોથા બનાવમાં દેવપરામાં મેહુલનગર શેરી નં.૫ માં રહેતા જાગૃતિબેન જગદીશભાઈ બગડાઈ(ઉ.વ.૫૩) રાત્રે પોતાના ઘેર હતા ત્યારે છાતીમાં દુઃખાવો ઉપડતા સારવારમાં અત્રેની સીવીલ હોસ્પીટલે ખસેડાયા હતા. પરંતુ સારવાર કારગત નીવડે તે પહેલાં જ તેમનુ મોત નીપજયુ હતું. .બનાવ બનાવ અંગે સ સીવીલ ચોકીન સ્ટાફે ભકિતનગર પોલીસને જાણ કરી હતી. હાલ બનાવથી પરીવારમાં કલ્પાંત છવાયો છે.

# પારડી ગામે વૃધ્ધા અકસ્માતે કુવામાં પડી જતા કરૂણ મોત

## વાડીએ પુત્ર રજકો વાઢીને આવ્યો માતા નજરે નહિ પડતા તપાસ કરતા મૃતદેહ કુવામાં તરતો નજરે પડયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરની ભાગોળે ગોંડલ હાઈવે પર આવેલા પરડી ગામે રહેતા વૃધ્ધા પોતાની વાડીએ લીંબુ તોડવા જતાં અકસ્માતે કૂવામાં પડી જતાં તેમનું મોત નિપજ્યું હતું. પુત્ર વાડીએ રજકો વાઢીને પરત આવ્યો ત્યારે માતા જોવા ન મળતાં શોધખોળ હાથ ધરી હતી. દરમિયાન કૂવામાં લાશ તરતી હોય ફાયરબ્રિગેડને જાણ કરતાં મૃતદેહને બહાર કાઢી પી.એમ.માં ખસેડાયો હતો. આ બનાવથી પટેલ પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.જાણવા મળતી વિગત મુજબ, તરતો પારડી ગામે રહેતા જયાબેન શંભુભાઈ ઘરદુશીયા (ઉ.૬૮) નામના પટેલ વૃધ્ધા આજે સવારે તેના પુત્ર નિલેશ સાથે અને ઢોલરા રોડ પર આવેલી પોતાની વાડીએ ગયા હતાં દરમિયાન સ્ટાફ પુત્ર નિલેશ વાડીમાં રજકો વાઢવા ગયો હતો ત્યારે વૃધ્ધા કૂવા નજીક આવેલી લીંબુડીમાંથી લીંબુ તોડવા જતાં અકસ્માતે કૂવામાં પડી ગયા હતાં. ત્યારબાદ પુત્ર રજકો વાઢીને પરત હતી આવ્યો ત્યારે માતા જોવા નહીં મળતાં શોધખોળ હાથ ધરી હતી. દરમિયાન ત્યાં નજીક આવેલા કૂવાના પાણીમાં મૃતદેહ જોવા મળ્યો હતો. આ અંગે ફાયરબ્રિગેડને જાણ કરવામાં આવતાં મવડી ફાયરબ્રિગેડના સ્ટેશન ઓફિસર યોગેશ જાની ફાયર ફાઈટર જયેશ ડાભી, કિશોર વડેખણીયા સહિતનો દોડી ગયો હતો અને કૂવામાંથી મૃતદેહને બહાર કાઢી પી.એમ.અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. આ અંગે શાપર-વેરાવળ પોલીસે જરૂરી કાર્યવાહી કરી તપાસ હાથ ધરી . પ્રાથમિક તપાસમાં મૃતક જયાબેનને સંતાનમાં બે પુત્ર હોવાનું અને પતિ હયાત ન હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવથી પરિવારજનોમાં શોકની લાગણી છવાઈ જવા પામી છે.




# કોઠારિયા રોડ પર તિરૂપતિ સોસાયટીમાં સીએની વિદ્યાર્થિનીનો આપઘાત

## આત્મહત્યા પાછળ અભ્યાસનું ભારણ કારણભુતઃ સ્યુસાઈટ નોટના આધારે પોલીસે તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોઠારિયા રોડ ઉપર તિરુપતિ સોસાયટીમાં રહેતી ચાર્ટડ એકાઉન્ટન્ટની છાત્રાએ, પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં શોક વ્યાપી ગયો હતો. આપઘાત પૂર્વે લખેલી સ્યુસાઈડનોટમાં માતા અને દાદાએ અભ્યાસ કરાવ્યો તે બદલ અભાર માની ભણતરના ભારને કારણે આ પગલું ભરી લીધાનું જાણવા મળ્યું છે. બે ભાઈની એકની એક બહેનના મોતથી પરિવારમાં શોક વ્યાપી ગયો હતો.



આ અંગેની માહિતી મુજબ કોઠારિયા રોડ ઉપર આવેલ તિરુપતિ સોસાયટીમાં રહેતી અને સીએનો અભ્યાસ માટે તૈયારી કરતી માનસી રાજેશભાઈ ગઢિયા (ઉવ૨૧)નામની છાત્રાએ તેના ઘરે ચુંદડી વડે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો માનસીએ આપઘાત પૂર્વે લખેલી સ્યુસાઈડનોટ મળી હતી. જેમાં તેણે માતા અને દાદાની ઉદ્દેશીને લખ્યું છે કે, દાદા અને માતાએ અહિયાં સુધી ભણાવી પણ ઘણા સમય થી એવું લાગે છે કે, એમણે મારા માટે જે વિચાર્યું તે મારાથી નથી થવાતું.હું ઘણી મહેનત કરું છુ છતાં પરિક્ષામાં ફેલ થતી હતી છતાં એ લોકોએ મને કઈ કીધું નથી.હું ઓવરથીંકીંગ છુ.ફ્યુચરમાં મારાથી કઈ નહીં થાય તો વિચારથી બીક લાગે છે. અહિયાં સુધી પહોચી હવે હું સીએનો અભ્યાસ છોડી પણ નથી શકતી.ભાઈને ઉદ્દેશીને લખ્યું કે વાત કરવાની હિમ્મત ન થઈ. અંતે પરિવારની માફી માગી હતી. મૃતક માનસી બે ભાઈની એકની એક બહેન હતી તેના પિતા પાનની દુકાન ચલાવે છે.આ ઘટનાથી પરિવારમાં શોક વ્યાપી ગયો હતો.

# એમ.પી.ના શ્રમિક પરિવારની સગીરા પર દુષ્કર્મ કેસમાં આરોપીને આજીવન કેદની સજા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ૧૨ વર્ષની સગીરા પર દુષ્કર્મની ઘટનામાં કોર્ટમાં ફરિયાદી તેમજ ભોગ બનનારે બનાવને સમર્થન ન આપતા સરકારી વકીલે મેડિકલ પુરાવાના આધારે પોક્સો કોર્ટમાં કેસ સાબિત કરતા અદાલતે આરોપીને જીવે ત્યાં સુધીની સજાનો હુકમ ફરમાવ્યો હતો.



આ કેસની હકિકત મુજબ, વર્ષ ૨૦૨૨માં મૂળ મધ્યપ્રદેશના પરિવાર શહેરના યુનિવર્સિટી પોલીસે મથકમાં વિસ્તારમાં મજુરી કામ માટે આવેલો તે દરમિયાન ફરિયાદીની ૧૨ વર્ષની બહેન પર સાથે મજૂરી કામ કરતો આરોપી અલ્પેશ જેન્તીભાઈ પાતર (રહે બિલિયાડા) સગીરા સાથે પરિચય કેળવી તેને વાત કરવા માટે મોબાઈલ લઈ આપલે. જે બાદ આરોપીએ સગીરાને બોળવી લગ્નની લાલચ આપીને ચોટીલા, જૂનાગઢ, ધોરાજી, લઈ જઈ તેની સાથે અનેક વખત શારીરિક સંબંધ બાંધેલ. જે અંગે સગીરાના ભાઈ યુનિવર્સિટી પોલીસે મથકમાં ફરિયાદ કરતા પોલીસે તપાસ કરી આરોપી વિરૂદ્ધ ઇન્ડિયન પીનલ કોડની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ (ફ બ), તેમજ પોક્સો કલમ ૬ હેઠળ ગુનો નોંધી આરોપીની અટક કરી કેદ બનનાર અને ફરીયાદીએ હોટમાં બનાવાનો સમર્થન ન આપતા સરકારી નહિવત કલા ભરત વા મેડિકલ કર્યો જેલ હવાલે કરી કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી.

જે કેસ ચાલવા પર આવતા સરકારી વકીલ દ્વારા કોર્ટમાં ૨૩ જેટલાં દસ્તાવેજી પુરાવાઓ તેમજ ૧૦ થી વધુ સાહેદોની જુબાની નોંધવામાં આવી હતી. આ કેસમાં મહત્વની જુબાની કહી શકાય એવી ભોગ બનનાર તેમજ ફરિયાદી દ્વારા બનાવને સમર્થન આપવામાં આવેલ ન હતું. મેડિકલ તપાસમાં ભોગ બનનારને ૧૭ અઠવાડિયાનો ગર્ભ હોવાનું જાણવા મળતાં મેડિકલ ઓફિસર તેમજ તપાસ અધિકારીની જુબાની લેવાતા કોર્ટ રેકર્ડમાં રજૂ કરેલી.

વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો મેડીકલ રીપોર્ટ તેમજ રજૂ કરવામાં આવેલા વડી અદાલતના ચુકાદાને ધ્યાને રાખીને પોકસો કોર્ટના ન્યાયાધીશ બી.બી જાદવે આરોપી અલ્પેશ જેન્તીભાઈ પાતરને જીવે ત્યાં સુધીની સજા તથા રૂ.૭૨.૦૦૦ નો દંડ કરતો હુકમ ફટકાર્યો હતો.કોર્ટ દ્વારા આ કેસના ફરિયાદીને ખોટા પૂરાવા આપવા માટે કારણ દર્શક નોટિસ ફટકારી હતી. આ કેસમાં સરકાર તરફે મદદનીશ સરકારી વકીલ આબીદ સોસન રોકાયેલા હતા.

# સ્વચ્છ રાજકોટના બૂમરાળા પાડતા તંત્રવાહકોની પોલ ખોલતી તસ્વીર





રાજકોટ શહેરમાં સૌનો સાથ અને સૌનો વિકાસના નારા સાથે સ્વચ્છ રાજકોટના બૂમરાળા પાડતા મહાનગરપાલિકાના પદાઅધિકારીઓ અને તંત્રવાહકો આમતો અનેકવાર જોવા મળી રહ્યા છે. જ્યારે સામાકાંઠે વોર્ડ.૧૫માં તંત્રવાહકો ઓળમાયુ વર્તન કરી રહ્યા હોય તેઓ ઘાટ જોવા મળી રહ્યો છે. માત્ર કાગળ પર જ સ્વચ્છ રાજકોટની કામગીરીની ચાળી ફૂક્તી આ તસ્વીર સામે આવી છે. શહેરના સામાકાંઠે ૮૦ ફૂટ રોડ પર સત્યમ પાર્કની બાજુમાં આવેલ મેઈન રોડ પરની આ તસ્વીરો છે. જેમાં તંત્રવાહકો દવારા ફૂટપાટ બનાવવામાં આવ્યું હોય પરંતુ આ તસ્વીરમાં ફૂટપાટ નજરે દેખાતી નથી જયારે સ્વચ્છ રાજકોટ છે તો આ તસ્વીરમાં રોડની બંને સાઈડો ગંદકીના ગંજ ખડકાયા છે. ત્યારે મહાનગરપાલિકાના તંત્રવાહકોની કામગીરી પર વોર્ડ નં.૧૫ની જાહેર જનતા સવાલો ઉઠાવી રહી છે.

# મવડી આંગણવાડી મતદાન કેન્દ્રમાં વિડિયો બનાવનાર યુવાનને ભારે પડયું

## રાજદીપ સોસાયટીના યુવાન વિરૂધ્ધ પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં મતદાન બુથમાં મોબાઈલ લઇ જઈ ઈવીએમનું બટન દબાવતી વખતે તેનો વીડીયો ઉતારી સોશિયલ મીડીયામાં વાયરલ કર્યોહતો.આ વિડીયોને આધારે તાલુકા પોલીસે તેના સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધ્યો હતો. રાજકોટમાં લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને સાયબર ક્રાઈમ પોલીસની ટીમે સોશિયલ મીડીયાપર ખાસ નજર રાખી હતી. ત્યારે રાજકોટમાં ઈવીએમનું બટન દબાવી તેનો વિડીયો બનાવી વાઈરલ કરવામાં આવ્યો હોવાનું સામે આવ્યુંહતું. મતદાન માટે આવેલ એક યુવાને ઈવીએમનું બટન દબાવતી વખતે તેનો વીડીયો પોતાના મોબાઈલ ફોનમાં ઉતારી લીધો હતો. એટલુંજ નહીં તે વીડીયોને પોતાના મિત્રોના ગૃપમાં શેર પણ કર્યો હતો. સાયબર ક્રાઈમ પોલીસની ટીમે તપાસ કરતા આ વીડીયો મવડીની રાજદિપ સોસાયટી શેરી નં.૨માં રહેતા દિશાંત મહેશભાઈ પાદરીયા(ઉ.વ.૨૪)એ



બનાવીવાઈરલ કયો હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસ તપાસમાં જાણવામળ્યું કે, આ વિડીયો મવડીની આંગણવાડીમાં આવેલા બુથ નં. ૭૫માં બનાવ્યો હતો. રાજકોટ તાલુકા પોલીસમાં દિશાંત વિરૂધ્ધ કલેકટરના જાહેરનામાના ભંગનો ગુનો દાખલ કર્યો હતો.

# મનહરપુર ગામે હરીફ ધંધાર્થીએ દુકાન બંધ કરવાની ધમકી આપતા વેપારીનો આપઘાતનો પ્રયાસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલા મનહરપુર ગામમાં પાડોશમાં રહેતા કરિયાણાના હરીફ વેપારીએ ધંધાકીય હરીફાઈનો ખાર રાખી કરિયાણાની દુકાન ખોલનાર યુવકને દુકાન બંધ કરી દેજે તેવી ધમકી આપતા યુવાને ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો યુવકને ઝેરી અસર થતા સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ શહેરમાં જામનગર રોડ ઉપર આવેલા મનહરપુર- ૧માં રહેતા દેવશીભાઈ વેલજીભાઈ સનેરવા નામનો ૩૫ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો. ત્યારે રાત્રિના દસેક વાગ્યાના

અરસામાં ઝેરી દવા પી લીધી હતી. યુવકને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે યુનિવર્સિટી પોલીસને જાણ કરતા યુનિવર્સિટી પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. પ્રાથમિક પૂછપરછમાં દેવશીભાઈ સનેરવા બે ભાઈ બે બહેનમાં નાનો છે અને તેને સંતાનમાં બે દીકરા છે દેવશીભાઈ સનેરવા રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે અને દેવશીભાઈએ પોતાના ઘરે કરિયાણાની દુકાન ચાલુ કરી હતી ત્યારે પાડોશમાં રહેતા અને કરિયાણાની દુકાન ચલાવતા રમેશભાઈને સારું નહીં લાગતા ધંધાકીય હરીફાઈનો ખાર રાખી દેવશીભાઈને તારી દુકાન બંધ કરી દેજે તેમ કહી ધમકી આપતા દેવશીભાઈએ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે આક્ષેપના પગલે યુનિવર્સિટી પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# શાપર-વેરાવળમાં મૈત્રી કરારથી સાથે રહેતી મહિલા ભાગી જતા પ્રૌઢે કર્યો આપઘાતનો પ્રયાસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપર વેરાવળમાં મૈત્રી કરારથી સાથે રહેતી મહિલા દાગીના લઈ ભાગી ગયાના આક્ષેપ સાથે પ્રોઢે ફીનાઇલ પી લીધું હતું. આપઘાતનો પ્રયાસ કરનાર પ્રૌઢને તાત્કાલિક સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યા હતા.

આ અંગેની માહિતી મુજબ પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ શાપરમાં આવેલી આનંદ રેસીડેન્સીમાં રહેતા મનુભાઈ દુધાભાઈ પરમાર નામના ૪૬ વર્ષના પ્રૌઢ પોતાના ઘરે હતા ત્યારે રાત્રિના બારેક વાગ્યા અરસામાં ફિનાઈલ પી લીધું હતું પ્રૌઢને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ અંગે રાજકોટ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે શાપર પોલીસને જાણ કરતા શાપર પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો. અને પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. પ્રાથમિક પૂછપરછમાં મનુભાઈ પરમાર રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે મનુભાઈ પરમાર બે ભાઈ ત્રણ બહેનમાં નાના છે અને તેમને સંતાનમાં બે પુત્રી છે મનુભાઈ પરમાર રેખાબેન નામની મહિલા સાથે મૈત્રી કરારથી સાથે રહેતા હતા. પરંતુ મૈત્રી કરારથી સાથે રહેતી રેખાબેન દાગીના લઈ ભાગી ગઈ હોવાથી મનુભાઈ પરમારે ફિનાઈલ પી લીધું હોવાનો આક્ષેપ કર્યો છે. આ બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.